S.R. No....2630....2006

R. S. Bhatt
NOTARY

# ગુજરાત હાઈકોર્ટના નામ. જજ સાહેબ સમક્ષ

10 MAR 2006

(૧) ક્રિમિનલ પરચુરણ અરજી નં. ૪૫૧૮/૨૦૦૩, ૪૫૧૯/૨૦૦૩, ૪૫૨૨/૦૩, ૬૯૬૭/૦૩, ૭૦૧૫ થી ૧૭/૦૩, ૭૪૭૧/૦૩, ૭૪૭૨/૦૩, ૭૮૮૫/૦૩, ૨૫૦૪/૦૪ થી ૨૫૦૯/૦૪, ૫૧૪૧/૦૪, ૯૫૭૨/૦૪ થી ૯૫૭૪/૦૪ અને ૧૩૪૮/૦૪

## નામ. જજ શ્રી કે. એ. પુજ

NOTARY GOVT. OF INDIA RAJNIKANT S. BHATT AHMEDABAD CITY OF GUJARAT STATE REGD. NO. 1399

ગોપાલભાઈ આર. પ્રજાપતિ.................................. અરજદાર

વિરૂદ્ધ

પ્રતાપભાઈ હમીરભાઈ ભેડે + ૪......... .............. રીસ્પોન્ડન્ટ્સ (ફરીયાદી)

<u>એડવોકેટ્સ એપીયરન્સ</u>

ક. જે. શેઠના, રમેશભાઈ કે. શાહ સાથે અરજદાર પીટીશ્નર્સ વતી પી. એમ. ઠક્કર સીનીયર એડવોકેટ, શ્રી એચ.આર.પ્રજાપતિ સાથે (રીસ્પોન્ડન્ટ્સ ફરીયાદી વતી)
શ્રી એ.ડી.ઓઝા, પબ્લીક પ્રોસીક્યુટર, મુકેશ એ. પટેલ, શ્રી એચ.એલ.જાની, આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટર સાથે ગુજરાત સરકાર વતી.

(૧) ક્રિમિનલ પરચુરણ અરજી નં. ૭૮૮૫/૦૩
ટી.એસ.નાણાંવટી પીટીશ્નર્સ વતી,
પી.એમ.ઠક્કર, સીનીયર એડવોકેટ સાથે એચ.આર.પ્રજાપતિ, ફરીયાદી વતી,
એ.ડી.ઓઝા, પબ્લીક પ્રોસીક્યુટર સાથે મુકેશ એ. પટેલ, એચ.એલ.જાની, આસી. પબ્લીક પ્રોસીક્યુટર, ગુજરાત સરકાર વતી,

(૩) ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૫૧૪૧/૦૪
બી.બી.નાયક તથા સાથે ડી.એસ.વસાવડા પીટીશ્નર્સ વતી
પી.એમ.ઠક્કર, સીનીયર એડવોકેટ સાથે પી.જે.ભટ્ટ, એચ.આર.પ્રજાપતિ રીસ્પોન્ડન્ટ્સ ફરીયાદી વતી
ગુજરાત સરકાર વતી પબ્લીક પ્રોસીક્યુટર એ.ડી.ઓઝા તથા આસી. પબ્લીક પ્રોસીક્યુટર મુકેશ પટેલ અને એચ.એલ.જાની.

NOTARY GOVT. OF INDIA RAJNIKANT S. BHATT AHMEDABAD CITY OF GUJARAT STATE REGD. NO. 1399

કોરમ :- માનનીય નામ. જજ શ્રી કે. એ. પુજ
તારીખ : ૯/૩/૨૦૦૬
<u>'કોમન ઓરલ જજમેન્ટ'</u>

ઉપરની તમામ ક્રિમીનલ પરચુરણ અરજીઓ, પીટીશ્નર્સ. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૮૨ ના મુળ આરોપીઓએ, ફરીયાદી દ્વારા સમગ્ર ગુજરાતના ફર્સ્ટ ક્લાસ

TARY
KANT S. BHATT
BAD CITY
RAT STATE
D. NO. 1399
OF INDIA



જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ કરેલ ફરીયાદોને કવોશ અને સેટ-એસાઈડ કરવા કરેલ છે. તમામ ફરીયાદોમાં એકજ કોમન બનાવનો મુદ્દો હોઈ એડવોકેટ્સની વિનંતીથી તમામ ફરીયાદો એક સાથે સાંભળી, કોમન જજમેન્ટથી નિકાલ કરવામાં આવે છે.

(૨) ફરીયાદી દ્વારા આઈ.પી.સી.ની કલમો ૨૯૫-એ, ૫૦૪, ૫૦૦ અને ૧૧૪ હેઠળ ફરીયાદ નં. ૬૪/૨૦૦૩ ફર્સ્ટ કલાસ જયુ.મેજીસ્ટ્રેટ લીલીયા સમક્ષ કરવામાં આવેલ જેને 'કવોશ' તેમજ સેટ-એસાઈડ કરવા પીટીશ્નર દ્વારા ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૪૫૧૮/૦૩ દ્વારા ફાઈલ કરવામાં આવેલ. તેવી જ રીતે ગુજરાત રાજયમાં અલગ અલગ કોર્ટોમાં દાખલ કરેલ ફરીયાદ સામે ચેલેંજ કરતી પરચુરણ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| Criminai Misc. Application No. | Name of Court | Criminal Case No. | Offence U/s. |
|---|---|---|---|
| 4519/2003 | JMFC, Una. | 214/2003 | 295-A, 500, 504, 505, 506(2), 508, 406, 114. |
| 4522/2003 | JMFC, Bhachau. | 299/2003 | 295, 298, 114. |
| 4525/2003 | JMFC, Gondal. | 872/2003 | 295-A, 296, 298 |
| 6967/2003 | JMFC, Gondal. | 1407/2003 | 295-A, 296, 298, 120-B |
| 7015/2003 | JMFC, Gondal. | 890/2003 | 295-A, 296, 298 |
| 7016/2003 | JMFC, Gondal. | 919/2003 | 295-A, 296, 298 |
| 7017/2003 | JMFC, Gondal. | 1086/2003 | 295-A, 296, 298, 120-B |
| 7471/2003 | JMFC, Badra. | 123/2003 | 295-A, 504, 500, 114 |
| 7472/2003 | JMFC, Lathi. | 127/2003 | 295-A, 504, 500, 114 |
| 7885/2003 | JMFC, Ankleshwar | 2116/2003 | 295-A, 504, 500, 114 |
| 2504/2004 | JMFC, Bhavnagar. | 7780/2003 | 295-A, 504, 500, 114 |
| 2505/2004 | | 241/2003 | 295-A, 504, 505, 506(2), 508, 406, 114 |
| 2506/2004 | JMFC, Bhachau. | 299/2003 | 295, 298, 114 |
| 2507/2004 | JMFC, Liliya | 64/2003 | 295-A, 504, 500, 114 |
| 2508/2004 | JMFC, Babra. | 123/2003 | 295-A, 504, 500, 114 |
| 2509/2004 | JMFC, Lathi. | 127/2003 | 295-A, 504, 500, 114 |
| 5141/2004 | JMFC, Anjar. | 198/2003 | 295, 298 & 114 |
| 9572/2004 | JMFC, Gondal. | 596/2004 | 120-B, 511 |
| 9573/2004 | JMFC, Gondal. | 597/2004 | 120-B, 511 |
| 9574/2004 | JMFC, Gondal. | 598/2004 | 120-B, 511 |

...Y
S. BHATT
CITY
STATE
NO. 1399
OF INDIA



(૩) ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૬૯૬૩/૦૩ માં ઘણીખરી દલીલો કરવામાં આવી છે અને વધુમાં સદર અરજીમાં ફરીયાદ નં. ૧૪૫૭/૦૩ કે જેમાં ૧૯ આરોપીઓ છે અને જેમાંના કેટલાક બીજી ફરીયાદોમાં પણ આરોપી છે તે સગવડતા ખાતર સદર અરજીમાં કરેલ દલીલોની હકીકતોને ધ્યાનમાં લેવામાં આવી છે.

(૪) પીટીશ્નર્સનું કહેવું છે કે ફરીયાદીઓના મતે મોર્ડન પ્રિન્ટરી ગ્રાફીકસ, ડીવાઈન કલબ દ્વારા પ્રકાશીત થયેલ પત્રિકા 'અશુભ' માં પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી અને જયશ્રી દીદી માટે બદનક્ષીયુકત વિધાનો કરવામાં આવેલ. ઉપરાંત, પત્રિકામાં દિવાની દાવા નં. ૫૬૭/૦૨ ની નકલ, ડીફેન્ડન્ટસ્ ૧ થી ૩ દ્વારા રજુ કરેલ જવાબ અને ધનશ્રી શ્રીનીવાસ તળવળકર અને તેમના પતિ શ્રીનીવાસ તળવળકર અને નીતીનભાઈ વતી તેમના પાવર ઓફ એટર્ની ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ દ્વારા સહી કરેલ ૨૨/૧૧/૦૨ નો જવાબ, સોગંધનામા તથા સમાચાર પત્રોના લેખો છાપવામાં આવેલ.

(૫) સિવિલ દાવા નં. ૫૬૭/૦૨, તે પંકજભાઈ હરિપ્રસાદ ત્રિવેદી, સુર્યકાન્ત નરોત્તમદાસ મહેતા અને પ્રદિપભાઈ ગોવીંદલાલ શાહ કે જેઓ ઘણી ફરીયાદોના આરોપી છે તેવો દ્વારા સિવિલ જજ (એસ.ડી.) અ'વાદ (રૂરલ) માં તત્વજ્ઞાન વિદ્યાપીઠ કે જે મુંબઈ ટ્રસ્ટ એકટ હેઠળ રજી. નં. ઈ-૧૩૧૮ (મુંબઈ) થી રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે અને જેના ટ્રસ્ટીઓ શ્રીમતી ધનશ્રી શ્રીનીવાસ તળવળકર, શ્રીનીવાસ તળવળકર, શ્રી નીતીનભાઈ ઠક્કર, શ્રી દશરથભાઈ મહાદેવીયા, શ્રી કાન્તિભાઈ પંડ્યા (પૂજારી) છે તેમની સામે દાવા મુજબ કાયમી મનાઈ હુકમ તેમજ ડેકલેરેશન અંગે કરેલ જેના અનુસંધાને ભાવનિર્ઝર કે જે સેટેલાઈટ રોડ, અ'વાદ ખાતે આવેલ છે તેમાં યોગેશ્વર ભગવાનના દર્શન કરતાં રોકે રોકાવે નહીં. સદર દાવા પાછળ મનાઈ હુકમની અરજી કરવામાં આવેલ. સદર દિવાની દાવો હકુમતના ગ્રાઉન્ડ પર કાઢી નાંખવામાં આવેલ અને સદર હુકમને ચેલેન્જ ઉપરી અદાલતમાં કરવાનું પીટીશ્નર્સ ઈરાદો ધરાવતા.

(૬) ત્યારબાદ, સૂર્યકાન્ત નરોત્તમદાસ મહેતા તથા બીજા દ્વારા દિવાની દાવા નં. ૮૮/૦૩ થી સિવિલ જજ (એસ.ડી.) અમદાવાદ (રૂરલ) માં તત્વજ્ઞાન વિદ્યાપીઠ અને તેના ટ્રસ્ટીઓ વિરૂદ્ધ સેટેલાઈટ રોડ પર, ઈસરોની સામે લોકપ્રિય બનેલ 'ભાવનિર્ઝર' ની માલ-મિલકતો, વેચે-વેચાવે નહીં, ટ્રાન્સફર કરે કરાવે નહીં અથવા તેનો નિકાલ કરાવે નહીં તેવો દાવો કરવામાં આવેલ જેની સાથે મનાઈહુકમની અરજી પણ કરવામાં આવેલ, જે હાલમાં અનિર્ણીત છે.

(૭) ઉપરોકત દિવાની દાવાઓ દાખલ થયા બાદ, એપ્રિલ-૨૦૦૩ ની આસપાસ, જે દિવાની દાવાઓમાં સક્રિય ભાગ લેતા હતા તેવાં એક ખાસ ગ્રુપની સામે ફોજદારી ફરીયાદોની વણઝાર શરૂ થઈ. આવી ફરીયાદો નામ. કોર્ટ લાઠી, અંકલેશ્વર,

AT
TY
STATE
NO.139
OF INDIA



ભાવનગર, અંજાર, ઉના અને ગોંડલમાં કરવામાં આવી. આ અરજીઓના પીટીશ્નરોને દહેશત હતી કે આઈ.પી.સી.ની કલમો ૨૯૫, ૨૯૫-એ, ૨૯૮, ૨૯૬, ૫૦૦, ૫૦૪ (૧૧૪ અને ૧૨૦-બી સાથે વાંચતા) હેઠળ વધુ ફરીયાદો કરવામાં આવશે. આ ફરીયાદો વાંચતા સ્પષ્ટ થાય છે કે ઘણી બધી ફરીયાદોના શબ્દો - લખાણ એકજ છે, અને માત્ર ફરીયાદના નામ તથા કોર્ટ સિવાય કંઈ અલગ નથી તેમજ ફરીયાદીઓનો જુદી જુદી જગ્યાએ ફરીયાદો દાખલ કરી આરોપીઓને માત્ર હેરાન કરવાનો મલિન ઈરાદો હતો.

(૮) ૨૧ ફરીયાદો જે ગુજરાત રાજયમાં દાખલ થઈ છે તે ફરીયાદ જોતાં એક માત્ર પત્રિકા 'અશુભ' પ્રકાશિત કરવામાં આવી તેને લઈને છે. બીજા ઘણાં કેસોમાં ફરીયાદીઓની 'મોડસ ઓપરેન્ડી' આરોપીઓને માત્ર ધમકાવવાની અને દબાણ લાવવાની જણાય છે. મહરાષ્ટ્ર રાજયમાં પણ ૩૫ થી ૪૦ ફરીયાદો થયેલ. ફરીયાદમાં જે આરોપો છે તે સ્પષ્ટ નથી, સામાન્ય તેમજ ઘણાંજ છીછરા અને આરોપીને લગતાં નથી. 'અશુભ' પત્રિકાને વિશાળ દ્રષ્ટિથી વાંચીએ તો તે બદનક્ષીયુક્ત તેમજ ધાર્મિક લાગણીને કોઈ રીતે દૂભવતી નથી. ફરીયાદીઓ કોઈ એવું સંગઠન નથી જેને ધાર્મિક ડોમીનેશન હોય. સદર પત્રિકામાં એવું કશું નથી કે જે ધાર્મિક લાગણીઓ દુભાવે અથવા માન્યતા દુભાવે અથવા ધર્મનું અપમાન કરે. ફરીયાદીઓ જે અનુસરે છે તે નથી ધર્મ, ધાર્મિક ડોમીનેશન અથવા ધાર્મિક માન્યતા.પત્રિકા 'અશુભ' કોઈ 'બદનક્ષીયુક્ત' લખાણ ધરાવતી નથી, તે માત્ર કોર્ટોમાં થયેલા દિવાની દાવાઓનું જ લખાણ છે જેથી તે બદનક્ષીયુક્ત કહી શકાય નહીં.

(૯) ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૭૮૮૫/૦૩ અને ૫૧૪૧/૦૪ કે જેમાં ટી.એસ.નાણાંવટી, બી.બી.નાયક તથા ડી.એસ.વસાવડા ઉપસ્થિત રહ્યા. તે સિવાય શ્રી આર.કે.શાહ તેમજ કે.જે.શેઠના બધીજ બાકીની અરજીઓમાં ઉપસ્થિત રહ્યા. રીસ્પોન્ડન્ટ્સ, ફરીયાદીઓ વતી, પી.એમ.ઠક્કર, એચ.આર.પ્રજાપતિ, ગુજરાત સરકાર વતી પી.જે.ભટ્ટ (પી.પી.), એ.ડી.ઓઝા, એચ.એલ.જાની વિ. આસી. પબ્લીક પ્રોસીક્યુટર તરીકે ઉપસ્થિત રહ્યા.

(૧૦) પીટીશ્નર્સના એડવોકેટસ જણાવે છે કે ઉપરોક્ત જણાવેલ 'બેકગ્રાઉન્ડની' વાતો બાદ, સ્વાધ્યાય પરિવાર પાસે ઘણાં પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટો છે જેની કાર્યરીતી જે તે ટ્રસ્ટમાં જણાવેલ ઉદ્દેશો પુરતી મર્યાદિત છે. ઘણાં ટ્રસ્ટો સિવાય તેમની પાસે બીજુ કંઈ ઓર્ગેનાઈઝેશન નથી. વ્યક્તિનો સમુહ 'વર્ગ' બનાવે તે માટે વર્ગીકરણનો સિદ્ધાંત હોવો જોઈએ. કોઈ ફરીયાદમાં કયાંય આવો 'વર્ગ' ફોર્મ કરવામાં આવેલ છે તેવું જણાવ્યું નથી, સમજાવ્યું નથી. શબ્દ **'ધાર્મિક'** જે કલમો ફરીયાદમાં જણાવેલ છે તેમાં

TE
J. 1399
OF INDIA



આવતો નથી. સ્વાધ્યાય પરિવારનો અર્થ સ્વાધ્યાયીઓનો પરિવાર અને 'પરિવાર' એ 'કલાસ' નિર્માણ ન કરી શકે. તેથી ધર્મ, ધાર્મિક માન્યતાઓ કોઈ ખાસ 'કલાસ' ની અપમાનીત થઈ છે, જે સદર કલમોની આવશ્યક બાબત છે તેને સમર્થન મળતું નથી. ઉપરની તમામ બાબતોનો ઉલ્લેખ ન હોઈ ફરીયાદ 'સેટ-એસાઈડ' 'કવોશ' થવા પાત્ર છે.

(૧૧) વધુમાં સ્વાધ્યાય પાસે કોઈ પ્રણાલીકા નથી, નક્કી પ્રાર્થના નથી, માન્યતાઓનું બંધન નથી, વિશ્વાસની ઉદ્‌ઘોષણા નથી, સોગંધનામું નથી, કામ કરવાની કોઈ શરતો નથી, જન્મથી કોઈ અનુશાસન યા બીજી રીતે પણ નથી. પોતાના સ્વ અભ્યાસ માટે જોડાયા તે સ્વાધ્યાયી. સ્વાધ્યાયી કોઈપણ ભગવાનને ભજી શકે. કોઈ બંધન નથી. તે નાગરીકો પૈકીનો કોઈ ખાસ ધર્મ કે ધાર્મિક માન્યતાનો 'વર્ગ' નથી એ વાત બહુ મહત્વની અને રસપ્રદ નોંધવા જેવી છે કે જે ટ્રસ્ટીઓ સામે દિવાની દાવો કોર્ટમાં કરવામાં આવ્યો હતો તેવોએ ખુદ જણાવ્યું છે કે યોગેશ્વરનું કોઈ મંદીર નથી પરંતુ, ભાવનિર્ઝરના સિમિત વિદ્યાર્થીઓ માટેનો તે પ્રાર્થના હોલ છે. આજ માત્ર પીટીશ્નર્સની મુખ્ય રજુઆતને ટેકો આપે છે.

(૧૨) 'આઉટ રેગીંગ' શબ્દ જે કલમ ૨૯૫-એ માં જણાવેલ છે તે કોઈ કોઈને જખ્મ આપ્યા હોય તેનાથી વધુ મજબુત છે તેમજ તે જાણીબુઝીને બદઈરાદા માટે વપરાયેલ છે અને તે માત્ર કોઈ 'વ્યક્તિ' નહીં પરંતુ કોઈ એક 'વર્ગ' કલાસને અનુલક્ષીને છે. આવો કોઈ 'વર્ગ' ફરીયાદમાં નથી. પત્રિકા વધુમાં વધુ ટ્રસ્ટી સામે કંઈક અણગમો બતાવે છે. જુદા જુદા ધર્મના અનુયાયીઓ વચ્ચે કડવી લાગણીઓ ઉદ્‌ભવે (જે આ કેસમાં બન્યુ નથી) તો તે બાબત પણ આ કલમ હેઠળ આવતી નથી. ફરીયાદીઓએ ધર્મ અને કોઈ વ્યક્તિઓનો સમુહ 'વર્ગ' ને સમજાવ્યો નથી. મુખ્ય બાબતો આ કલમના ભંગ બાબતની ફરીયાદમાં છે જ નહીં. પત્રિકા કોઈ નાગરિકોના 'વર્ગ' ને કે કઈ ધાર્મિક સંસ્થાને અપમાનીત કરતી નથી. પત્રિકાને તેના લેખકના બહોળા મનથી અને મંતવ્યથી મુલવવી જોઈએ નહિ કે તેના માત્ર શિર્ષક કે કોઈ કઠોર વાકયથી !

પ્રકાશકને માત્ર મંદિર બંધ કરવા માટે વ્યક્તિગત ટ્રસ્ટી સામે અણગમો હોય તેવું જણાય છે પરંતુ તેનો કોઈ 'વર્ગ' સામે મલિન ઈરાદો ફલીત થતો નથી.

(૧૩) વધુમાં સદર ફરીયાદોમાંથી કોઈ ભંગ ઉપસ્થિત થતો નથી. જયાં ફરીયાદ થઈ છે તે કોર્ટની હકુમતમાં થયું છે તે પણ સાબીત થતું નથી. પીટીશ્નર્સ પોતે સ્વાધ્યાયી છે પરંતુ સ્વાધ્યાય પરિવારના ટ્રસ્ટોના વહીવટ બાબતે પોતાનો અલગ મત હોવાને કારણે, અને જે રીતે ટ્રસ્ટોનું કામ થતુ હતું તેના અલગ મંતવ્યને કારણે કહેવાતી ધાર્મિક લાગણીઓ, માન્યતાઓને દૂભવી છે તેમ કહી શકાય નહીં. ફરીયાદીએ જે કલમો હેઠળ ફરીયાદ કરી છે તે કલમની વ્યાખ્યામાં આ આક્ષેપો આવતા નથી.

OF INDIA

(૧૪) જયાં સુધી પત્રિકાને જાહેર કરવાની વાત છે, ત્યાં આ પત્રિકા જાહેર કર્યાનો કોઈ પુરાવો પીટીશ્નર્સ સામે રજુ કર્યો નથી. પીટીશ્નર્સને આ પત્રિકાના પ્રકાશન સાથે સીધો કે આડકતરો કોઈ સબંધ નથી. ફરીયાદ આ પત્રિકા સામે છે જેમાં યોગેશ્વર મંદિર, શિવ-પાર્વતી, ગણેશ કે જયાં સરકારે સ્વાધ્યાય પરિવારને આપેલ જગ્યામાં બાંધેલ છે અને જેનો વિવાદ કોર્ટમાં ચાલે છે. પીટીશ્નર્સ દ્વારા કેટલીક બાબતો કોર્ટમાં રજુ થયેલ છે જેમાં ટ્રસ્ટીઝનું કહેવું છે કે આ માત્ર પ્રાર્થના ખંડ છે. પત્રિકામાં જે પ્રશ્ન ઉભો કરેલ છે તે શું ભાવનિર્ઝર મંદિરનું મૃત્યુ થશે ? અથવા શું ભગવાનને શો કેસમાં બંધ રખાશે ?

(૧૫) કલમ-૨૯૫ એ જુદા જુદા ધર્મના લોકોને જુદી જુદી ધાર્મિક બાબતોની મર્યાદામાં માન-સન્માન જાળવવાનો છે. આ ફરીયાદોમાં પીટીશ્નર્સ અને ફરીયાદી બધા લોર્ડ યોગેશ્વરના અનુયાયી છે અને પ્રકાશક મંદીરને જીવંત રાખવા માંગે છે. લાગણી દુભાવવાનો પ્રશ્ન ઉભો થતો નથી કારણ કે અહીં કોઈ જુદા જુદા વર્ગ નથી કે જુદા ધર્મના લોકો નથી. ટ્રસ્ટની કામગીરી બાબતનો અભિપ્રાય, પ્રકાશકને આ 'પત્રિકા' માટે થયેલ ફરીયાદની કલમોની વ્યાખ્યાના પેરામીટરમાં બેસાડી શકાય નહીં. શું ભાવનિર્ઝર મંદીર 'મંદીર' છે ? શું પ્રાર્થના ખંડ છે ? શું ભગવાન શો કેસમાં બંધ રાખવા કે પરિવાર માટે ખુલ્લા રાખવા આ મતભેદ એકજ પરિવારના લોકોનો છે, આવી ફરીયાદ ઉભી કરવામાં કોઈ ધર્મ આવતો નથી. આ માત્ર અભિપ્રાયની વાત છે કે ટ્રસ્ટો પૂ. દાદાના કે દીદીના છે કે પબ્લીકના ? જયારે લાખો લોકોએ ૫૦ વર્ષોથી દાન આપેલ હોય તે ટ્રસ્ટો શું દીદી એકહથ્થુ સત્તા વાપરી પોતાની મરજી મુજબ માલીક થઈ શકે ? અને તે પોતાની મરજી મુજબ સૂચનાઓ આપી શકે અને આ મુજબ કરાવવા હિંસા સુધીના પગલાં મતભેદ વખતે લઈ શકે ? ઉલ્ટાનું ધાર્મિક લાગણી પીટીશ્નર્સની દુભાઈ છે કારણ કે, ભાવનિર્ઝરના ટ્રસ્ટીઓએ સોમવારથી શનિવાર સુધી મંદીર બંધ કરેલ છે અને આ અંગે દિવાની દાવાઓ પણ થયેલ છે. માત્ર આમ થવાથી જ ઘણી વ્યક્તિઓના મન અઠવાડિયામાં ૬ દિવસ મંદિર બંધ થવાથી દુભાયા છે. આની પ્રશંસા થવાને બદલે પીટીશ્નર્સને હેરાન કરવાના બદઈરાદાથી ખોટી ફરીયાદો ફરીયાદીઓએ કરેલ છે. એક પણ પીટીશ્નરે જે જગ્યાએથી આઈ.પી.સી.ની કલમ-૨૯૮ હેઠળ ફરીયાદ કરેલ છે તે જગ્યાએ ગયેલ જ નથી જેથી ધાર્મિક લાગણી દૂભાવવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી. આખી ફરીયાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૯૯ અને ૫૦૦ પર આધારીત છે.

તે ચોક્કસ બદનક્ષીનો કેસ છે, પરંતુ બદનક્ષી, પાંડુરંગ શાસ્ત્રીજી દીદી અને અથવા ટ્રસ્ટીની છે અને માત્ર તેમાંથી કોઈ આઈ.પી.સી.ની કલમ ૪૯૯, અને ૫૦૦ હેઠળ ફરીયાદ કરી શકે અને નહીં કે આ કેસના રીસ્પોન્ડન્ટસ ફરીયાદીઓ, માટે કલમ

૨૯૮, ૨૯૯ ના હેઠળ કરેલ તમામ ફરીયાદો ખોટી, પાયા વગરની હોઈ તમામ 'કવોશ' અને સેટ-એસાઈડ થવાને પાત્ર છે.

(૧૬) રીસ્પોન્ડન્ટ નં-૧ દ્વારા સોગંધનામું જવાબમાં જણાવે છે કે પીટીશ્નરે આઈ.પી.સી. હેઠળ ગુન્હો કરેલ છે. બધાજ સ્વાધ્યાયીઓ યોગેશ્વર ભગવાન, શંકર-પાર્વતી, ગણેશને પૂજે છે અને તેમના ફોટા તેમના ઘરે છે, આજ બતાવે છે કે તેઓ તે વસ્તુને 'ડેડીકેટેડ' છે. આરોપીઓએ કાવતરાથી એવી રીતે પત્રિકા બહાર પાડી છે કે જેવી સ્વાધ્યાયીઓની લાગણીને હાનિ પહોંચે. આરોપીઓએ જાણી જોઈને બદઈરાદાથી સ્વાધ્યાયીઓની ધર્મ, ધર્મની માન્યતાઓને ફરીયાદમાં જણાવ્યા મુજબ હાનિ પહોંચાડી છે. તેમજ ઘણાં સ્વાધ્યાયીઓએ આ અંગે જયુ.ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ ગોંડલ સમક્ષ સોગંધનામાં રજુ કરેલ છે.

(૧૭) વધુમાં જવાબમાં જણાવેલ છે કે આરોપીઓ કે જેવોને સ્વાધ્યાયીની લાગણીઓ દુભાય તે જોવામાં રસ હોવાથી આ 'પત્રિકા' નો પ્રચાર જાણી જોઈને કર્યો. આરોપીઓએ આ 'પત્રિકા' દેશના ઘણાં ભાગમાં પહોંચાડી છે અને હજુ પણ પહોંચાડે છે. આરોપીઓ જ આ 'પત્રિકા' છપાવવા અને બહાર પાડવા પાછળ જવાબદાર છે તેના પુરતા પુરાવા છે. ટ્રસ્ટના વહીવટની બાબતને આ ફરીયાદોના ગુણદોષ સાથે કોઈ લેવા-દેવા કે નિસ્બત નથી. વધુમાં ભાવનિર્ઝર ખાતે એગ્રીકલ્ચરલ કોલેજના સ્વાધ્યાયી વિદ્યાર્થીઓના જીવનની સુરક્ષા અને સંરક્ષણ માટે ભાવનિર્ઝર પ્રાર્થના ખંડ રવિવાર સિવાય માટે બંધ કરવામાં આવેલ. ૨૪/૯/૨૦૦૨ ના રોજ અક્ષરધામ ગાંધીનગર ખાતે ત્રાસવાદીઓનો હુમલો થયો ત્યારબાદ પોલીસ કમિશ્નર મુંબઈને ત્રાસવાદી તરફથી ધમકી ૧૪/૧૦/૦૨ ના રોજ મળેલ જે મરાઠી સમાચાર પત્ર 'વર્તાહર' માં છાપવામાં આવેલ જેમાં આદરણીય દાદાનું નામ 'હીટ લીસ્ટ' માં બીજા સ્થાને હતું. ત્રાસવાદીઓ ભાવનિર્ઝર પ્રાર્થના ખંડમાં ત્રાટકે તેવી ગંભીર દહેશત હોવાથી રવિવાર સિવાય પ્રાર્થના ખંડ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ. આમ, પબ્લીક માટે રવિવાર સિવાય, સ્વાધ્યાયી પરિવારના એગ્રીકલ્ચરલ વિદ્યાર્થીઓના સંરક્ષણ હેતુ ભાવનિર્ઝર પ્રાર્થના ખંડ બંધ કરવામાં આવેલ. માત્ર આરોપીઓની અંગત લાગણી ભાવનિર્ઝર સોમવારથી શનિવાર બંધ કરાતાં તેવો 'પત્રિકા' 'અશુભ' છપાવી બહાર પાડવા માંડ્યા અને સ્વાધ્યાયીની લાગણીઓને દુભાવવા માંડ્યા અને 'ભાવનિર્ઝર મંદીરનું મૃત્યું' તેવું 'અશુભ' પત્રિકાથી બહાર પાડ્યું.

(૧૮) ફરીયાદ માત્ર આઈ.પી.સી.ની કલમ-૪૯૯ અથવા ૫૦૦ અને કલમ-૨૯૯ હેઠળ આ ગુન્હા માટે માત્ર થયેલ નથી. પરંતુ પીટીશ્નરોએ આ ગુન્હો આઈ.પી.સી. હેઠળ કરેલ છે તેવા અગત્યના 'પ્રાઈમા ફેઈસી' પુરાવા તે ગુન્હો સાબિત કરવા પુરતા છે.

INDIA

ફરીયાદીએ દાખલ કરેલ ફરીયાદો કાયદા મુજબ ચલાવવી જોઈએ અને આવી ફરીયાદો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૮૨ હેઠળની સત્તા હેઠળ 'કવોશ' અને સેટ-એસાઈડ થઈ શકે નહીં. ફરીયાદમાં જણાવેલ આરોપ પ્રાઈમા ફેઈસી પીટીશ્નર દ્વારા ગુન્હા કર્યાનું ફલિત કરતું હોવાથી તે ફરીયાદો 'કવોશ' કે સેટ-એસાઈડ થઈ શકે નહીં.

(૧૮) પીટીશ્નરોમાંથી ઘણાંએ 'એફીડેવીટ-ઈન-રીજોઈન્ડર' ફાઈલ કરેલ છે. પીટીશ્નર નં-૧ જગદીશભાઈ એમ. શાહ જણાવે છે કે પીટીશ્નર દ્વારા પ્રાથમિક વાંધાઓનો કોઈ જવાબ આપવામાં આવેલ નથી. ફરીયાદીઓની ફરીયાદ આઈ.પી.સી. ની કલમ-૨૯૫-એ હેઠળ દાખલ કરતાં પહેલાં સેન્ટ્રલ કે સ્ટેટ ગર્વમેન્ટની કોઈ મંજુરી મેળવેલ ન હોવાથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૬ ના ભંગ સાથે 'પરે-સીં' બેડ-ઈન-લો છે. વિધ્વાન મેજી. દ્વારા આ પ્રાથમિક જરૂરીયાતની ફરીયાદ લેતા પહેલા કાળજી લેવી જોઈતી હતી, માત્ર આજ કારણસર ફરીયાદો 'કવોશ' તેમજ 'સેટ-એસાઈડ' કરવી જોઈએ. માત્ર જુદી જુદી કલમોના શબ્દો લઈ તેને પુનઃરજુ કરી ફરીયાદીઓ, ફરીયાદ મંજુર રાખવામાં સફળ થઈ શકે નહીં.પત્રિકા માત્ર દિવાની દાવાનં. ૫૬૭/૦૨ જે સિવિલ જજ (એસ.ડી.) અમદાવાદ (રૂરલ) સમક્ષ હતી તેની કાર્યવાહી અને પ્રેસનોટની પુનઃરજુઆત માત્ર છે. દિવાની કાર્યવાહી માત્ર ભાવનિર્ઝર - યોગેશ્વર મંદીર બંધ કરવાના કારણે છે. 'પત્રિકા' પ્રકાશક તરીકે ડીવાઈન કલબનું નામ ધરાવે છે તેમજ પ્રિન્ટર્સ તરીકે મોડર્ન પ્રિન્ટોગ્રાફીકસનું નામ ધરાવે છે, જેની સાથે પીટીશ્નરોને કોઈ સબંધ નથી. 'પત્રિકા' નો મુળ ભાવ ભાવનિર્ઝર મંદીર બંધ થયાનો છે અને પ્રકાશકે વારંવાર જણાવેલ છે કે તે તેમની શ્રદ્ધાનું મુખ્ય સ્થાન છે. તેમના મતે યોગેશ્વર ભગવાન છે અને તેવો તેમના 'ડીવોટીઝ' હોવાથી મંદીરમાં જવાનો તેમનો અધિકાર છે તેવો કયારેય યોગેશ્વર કે અન્ય કોઈની લાગણી દુભાવવાનું વિચારી જ ન શકે. ઉલટાનું તેવોએ જણાવેલ છે કે તેવોને મંદીરમાં જવા નહી દેવાથી તેમની લાગણી દુભાઈ છે. તેમને આનાથી એવું લાગ્યું તેથી પ્રશ્ન માર્ક સાથે પુછ્યું કે શું મંદિર મૃત્યુ પામશે ? એટલે કે મંદીર બંધ કરવાથી, અને ત્યાં મંદીર છે તેવું નકારવાથી શું તેને 'મૃત' મનાશે ? સાથે સાથે 'શિર્ષક' લાગતા વળગતાંને સમજણપૂર્વક અને ઉંડા વિચારથી વાંચવા અપીલ કરે છે. ભારતીય બંધારણના આર્ટીકલ ૨૦(૨) મુજબ એકજ કારણસર અલગ અલગ ફરીયાદો પીટીશ્નર સામે કરવી તે 'ડબલ જેઓપાર્ડી' ના નિયમ વિરૂદ્ધ છે. વધુમાં આખી ખોટી ફરીયાદ, વાર્તાના ભાગ રૂપે, ફરીયાદીઓએ ખોટા, પાયા વગરના, બનાવટી પત્રો ઉભા કર્યા છે કે જેથી તેમની મુરાદ બર આવે. પીટીશ્નર નં. ૧૦, ૧૩ અને ૧૮ દ્વારા અંગત સોગંધનામાથી આવા કોઈ પત્રો મોકલ્યાની વાતને નકારવામાં આવેલ છે. કોઈ સમાચાર પત્રોમાં ત્રાસવાદી દ્વારા પાંડુરંગ શાસ્ત્રીજીને ધમકી બતાવતી વાત ફરીયાદીઓને તેમની ખોટી, બદઈરાદાયુકત

ફરીયાદને મદદ કરી શકે નહીં. ભૂત-પૂર્વ મુખ્ય ન્યાયાધીશ શ્રી જસ્ટીસ બી. જે. દિવાન સાહેબે તેમના ખુદના હસ્તાક્ષરથી પાંડુરંગજી (દાદા) અને દીદીને સ્વાધ્યાય પરિવારની કાર્યરીતી અને પ્રવૃત્તિ માટે અસંતોષ વ્યક્ત કરી રાજીનામું આપેલ. આ પત્ર 'અશુભ' પત્રિકાના પાન ૩ પર રજુ કરેલ. માટે પીટીશ્નર દ્વારા કોઈ ગુન્હો કરવામાં આવેલ નથી.

(૨૦) પીટીશ્નર નં. ૧૦ મહેશભાઈ કે. શાહ દ્વારા પણ સોગંધનામું રજુ કરવામાં આવેલ છે જેમાં તેવો જણાવે છે કે જે પત્ર એફીડેવીટ-ઈન-રીપ્લાય સાથે રજુ છે તેવો કોઈ પત્ર તેમને સહી કરેલ નથી તે ખોટો અને બનાવટી છે. રીસ્પોન્ડન્ટ નં. ૧ મુળ ફરીયાદી, ફરીયાદને ન્યાય આપવા હેતુ તેમજ જયુ. ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ ગોંડલને હકુમત આપવા હેતુ જ ખોટા અને બનાવટી પુરાવા ઉભા કરેલ છે. ફરીયાદીને મુંબઈ રહેવાસી વિરૂદ્ધ ફરીયાદ કરવા ઉશ્કેરવામાં આવેલ છે કે જેથી પીટીશ્નરને શારીરિક હુમલા માટે ગોંડલ ખાતે સહેલાઈથી લાવી શકાય. આ માત્ર બદલો લેવા તેમજ 'બેડ ટ્રીટમેન્ટ' કરવા માટે જ છે.

(૨૧) પીટીશ્નર નં. ૧૩, હિતેન્દ્ર બી. ગાંધી દ્વારા રજુ કરેલ સોગંધનામામાં લગભગ એક સરખી વાત છે અને એફીડેવીટ-ઈન-રીપ્લાય સાથે પ્રસ્તુત પત્રમાં તેમની સહી નથી તેવી રજુઆત છે.

(૨૨) તેવી જ રીતે પીટીશ્નર નં. ૧૮, શ્રી હેમરાજ સી. આશર કે જેવોની ઉંમર ૭૦ વર્ષ છે અને મુંબઈ હાઈકોર્ટના સીનીયર પ્રેકટીસીંગ સોલીસીટર છે તેમજ 'ક્રોફોર્ડ બાયલે એન્ડ કાું' સોલીસીટર ફર્મના ભાગીદાર છે, તેવો તેમના સોગંધનામામાં જણાવે છે કે ફરીયાદીએ માત્ર તેમની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા તથા 'લીગલ સર્કલ' માં નીચા પાડવા અને ગોંડલ કોર્ટમાં મુંબઈથી ધક્કા ખવડાવી તેમના 'પ્રોફેશનને' નુકશાન પહોંચાડવાના તેમજ તક મળે તો મસલ પાવરથી શારીરિક હુમલા કરવાના બદઈરાદાથી જ ખોટી અને પાયા વગરની ફરીયાદ કરેલ છે. આવી એક જ પ્રકારની અલગ અલગ કોર્ટોમાં ફરીયાદો પુરા ગુજરાતમાં કરવામાં આવી છે. વધુમાં રીસ્પોન્ડન્ટ નં. ૧ સામે સખ્ત પગલાં,ખોટા પત્રો, તેની સાથેના બીડાણ તથા કવર ધ્યાનથી તપાસી,લેવા પણ જણાવેલ છે. પત્ર જોતાં જ લાગે છે કે તે 'ફોર્જડ' છે. તેમનું સરનામું પત્ર પર ખોટું જણાવેલ છે, તે માની શકાય નહીં કે કોઈ વ્યક્તિ પોતાનું સરનામું ખોટું લખે. બીજા પત્રોમાં પણ આવું જ છે. બધાંજ પત્રો જી.પી.ઓ.થી પોસ્ટ થયેલ છે. જયારે મહેશ્વરી જી.પી.ઓ. થી ૩૦ કિ.મી. દૂર રહે છે. આ તમામ પત્રો બનાવટી છે તે સાબીત થાય છે જે ખોટી ફરીયાદના સમર્થનમાં મુકેલ છે. ૧૯ જવાબદાર વ્યક્તિઓ ફરીયાદમાં સંકળાયેલ છે તે જ બાબત બતાવે છે કે ફરીયાદ બદઈરાદાવાળી છે. સર્વ સામાન્ય હેતુ

ફરીયાદીઓનો આ ૧૯ પીટીશ્નરને કોર્ટમાં જાય તો મારવાનો છે. બીજી અમુક ફરીયાદોમાં વકીલો હાજર થવા અનઈચ્છા બતાવે છે કારણ કે તેવોને ધમકીઓ આપવામાં આવેલ છે અને આવા વકીલોના સોગંધનામા પણ રજુ છે. પીટીશ્નર્સ ખુદ સ્વાધ્યાયીઓજ હોવાથી આઈ.પી.સી. ની કલમ ૨૯૫-એ/અને/અથવા ૨૯૮ લાગુ પડતી નથી.

(૨૩) પીટીશ્નર્સ વતી કે.જે.શેઠના, આર.કે.શાહ, ટી.એસ.નાણાંવટી, શ્રી બી.બી.નાયક એડવોકેટસ દ્વારા ઘણાં બધા જજમેન્ટ્સ ઉપરની બાબતોના સમર્થનમાં રજુ કરવામાં આવ્યા છે.

(૨૪થી૫૦) માત્ર અલગ અલગ બંને પક્ષના વકીલો દ્વારા જજમેન્ટ્સ રજુ થયેલ છે જેથી જરૂર જણાતી નથી)

(૫૧) બંને પક્ષકારોને સાંભળ્યા બાદ તેમજ તેમની અરજીઓ, એફીડેવીટ-ઈન-રીપ્લાય, જુદી જુદી કોર્ટોના જજમેન્ટ્સ અને 'અશુભ' પત્રિકાનો ઝીણવટભરી રીતે અભ્યાસ કર્યા બાદ, કોર્ટે એવો મત ધરાવે છે કે બધીજ ફરીયાદોનું હાર્દ બે બાબતમાં છે. (૧) ધર્મ ને લગતો ગુન્હો - આ ગુન્હા માટે મુળ આરોપીઓ પીટીશ્નર્સ સામે કલમ ૨૯૫, ૨૯૫-એ અને ૨૯૮ જણાવેલ છે. આ બધી કલમો આઈ.પી.સી. ના ચેપ્ટર-૧૫ માં આવે છે. અને તેનું શિર્ષક 'ધર્મને લગતા ગુન્હાઓ' એવું છે. કલમ-૨૯૫ મુજબ કોઈ ખાસ 'વર્ગ' ના ધર્મને હાનિ પહોંચાડવા તેમજ તેને ભજવાના સ્થળને અશુદ્ધ કરવા અંગે છે. કલમ ૨૯૫-એ જાણી જોઈને બદઈરાદાથી ધાર્મિક લાગણીઓ કોઈ ખાસ 'વર્ગ' ની તેમજ તેમની ધર્મ કે ધર્મની માન્યતાઓને અપમાનીત કરવા અંગે છે. કલમ ૨૯૬ ધાર્મિક સંગઠનને ખલેલ પહોંચાડવા અંગે તેમજ કલમ ૨૯૮ કોઈ વ્યક્તિને જાણીજોઈને તેની ધાર્મિક લાગણીઓને દુભાવવા બોલાયેલા શબ્દો માટે છે.

ફરીયાદોમાં પીટીશ્નર્સ સામે આરોપો છે કે તેવોએ ભાવનિર્ઝર (ભજવાની જગ્યા) ને અશુદ્ધ કરેલ છે અને સ્વાધ્યાય પરિવારને અપમાનીત કરવાના હેતુથી, તથા દાદા પાંડુરંગ શાસ્ત્રીની વિચારધારાને બદઈરાદાથી જાણીજોઈને 'અશુભ' જેવી પત્રિકાઓ બહાર પાડી સ્વાધ્યાય પરિવારના અનુયાયીઓની ધાર્મિક લાગણી દુભાવેલ છે તેમજ તેમની ધાર્મિક માન્યતાઓને અને લાગણીઓને ઠેસ પહોંચાડી છે.

(૫૨) અન્ય આરોપો જે ફરીયાદીઓએ કર્યા છે તે તેમના ધર્મના નેતાઓ જેવા કે દાદા પાંડુરંગ શાસ્ત્રી, જયશ્રી દીદી તથા અન્યની કલમો ૪૯૯, ૫૦૦, ૫૦૪, ૫૦૫, ૫૦૫(૨), ૫૦૫(૩), ૫૦૮ અને ૫૧૧ હેઠળ તેમની બદનક્ષીના છે. આ બધીજ કલમો ચેપ્ટર ૨૧ માં છે જે બદનક્ષીના ગુન્હા અંગે છે. કલમ ૪૯૯ એ બદનક્ષીની વાત માટે છે

જયારે કલમ ૫૦૦ બદનક્ષીની શિક્ષા અંગે છે કલમ ૫૦૪ જાણીબુઝીને કરાયેલ અપમાન તેમજ શાંતિ ભંગ અંગે અને કલમ ૫૦૫(૧) જાહેર તોફાન થાય તેવા વિધાનો માટે અને ૫૦૫(૨) વર્ગ-વર્ગ વચ્ચે દુશ્મનાવટ, ધિક્કાર ઉભા કરતા વિધાનો માટે છે અને ૫૦૫(૩) એ જે ગુન્હા કલમ ૫૦૫(૨) હેઠળ ભજનની જગ્યા પર થયા છે તે અંગે છે. કલમ ૫૦૮ એ એવા કામ માટે છે જે વ્યક્તિને માનવા લલચાવે છે તે કોઈ એક 'ઓબજેકટ' માટે દૈવી દુઃખ સમાન છે અને કલમ ૫૧૧ શિક્ષા અંગે છે કે જે વ્યક્તિ આજીવન કેદ કે અન્ય કેદ થઈ શકે તેવા ગુન્હા કરવાનાં પ્રયત્ન કરે.

(૫૩) ઉપર જણાવેલ કલમો ઉપરાંત ફરીયાદીઓએ ઈન્ડીયન પીનલ કોડની કલમો ૧૧૪ અને ૧૨૦-બી નો પણ ઉલ્લેખ આપેલ છે. તેવોનો આરોપ છે કે પીટીશ્નરોએ ઉપરની કલમો મુજબ ગુન્હો કરેલ છે અથવા/અને આવા ગુન્હા કરવામાં સાથ આપેલ છે તેવોએ વધુમાં આક્ષેપ કરેલ છે કે બધાજ પીટીશ્નરોએ ભેગા મળી ફરીયાદી વિરૂદ્ધ ગુન્હાહીત કાવતરૂ રચેલ છે અને આ ગુન્હામાં તેવોનો એક સાથ છે.

<u>કોર્ટનો મત :-</u>

(૫૪) આ અદાલત, ફરીયાદીઓની તમામ ફરીયાદો અંગે પોતાનો અભિપ્રાય જણાવે તે પહેલાં થોડીક પાછળની વાતો જાણવી જરૂરી છે કે જેને કારણે સમગ્ર ગુજરાતમાં જુદી જુદી જગ્યાઓએ પીટીશ્નર સામે ફરીયાદો કરવામાં આવી. દાદાના અંતિમ દિવસોમાં તેમજ તેમની સળંગ બિમારીને કારણે, સ્વાધ્યાય પરિવારનો વહીવટ અને સંચાલન જયશ્રી દીદી તેમજ તેમના પતિ દ્વારા કરવામાં આવતું ત્યારથી ઝઘડાઓ અને મતભેદ શરૂ થયા. કેટલાક સ્વતંત્ર વિચારધારા ધરાવતા વ્યક્તિઓ અને બુદ્ધિશાળીઓ કે જેઓ દાદાની ખુબ નજીક હતા તેવોને અસંતોષ તેમજ 'મીસકન્સપેશન' ને કારણે અદાલતી વિવાદો ઉભા થયા. પીટીશ્નર્સમાંના કેટલાકે દિવાની અદાલતો સમક્ષ દિવાની દાવાઓ કરતાં આ વાતોથી નારાજ થઈને રાજયના જુદા જુદા ભાગોમાં ફરીયાદો થઈ. જે વ્યક્તિઓની સામે આવા દિવાની દાવાઓ કરવામાં આવેલ તેવો ફરીયાદ કરવા આગળ આવેલ નથી. પરંતુ તેમના કહેવાથી કે તેમની છત્રછાયા હેઠળ સ્વાધ્યાય પરિવારના અનુયાયીઓએ આવી ફરીયાદો કરી છે. એવું જણાય છે કે આવી ફરીયાદો માત્ર ટ્રસ્ટ પ્રોપર્ટીના સંચાલક જયશ્રી દીદી તેમજ તેમના પતિ સામે થયેલ દિવાની દાવાઓના એક બદલારૂપે અથવા રોષયુક્ત 'સામી' ફરીયાદો હતી, આના પરથી વધુમાં જણાય છે કે આવી ફરીયાદોનો હેતુ, માત્ર પીટીશ્નરોને દિવાની દાવાઓની કાર્યવાહી કરતાં અટકાવવાનો, તથા આવી કાર્યવાહી થયેલ હોય તો તેવી કાર્યવાહી પાછી ખેંચવા મજબુર કરવાનો, તેમજ સ્વાધ્યાય પરિવાર કે તેની કાર્ય-પદ્ધતિ કે મિલકતનોના સંચાલન અંગે કોઈ ટીકા કે કોઈ ઝઘડો ઉભો ન કરે તે જોવાનો હતો.

(૫૫) બધીજ ફરીયાદોનો મુખ્ય વીષય 'અશુભ' પત્રિકા છપાવવાનો અને બહાર વહેંચવાનો છે. જો કોઈ ઉડતી નજરે આ પત્રિકા જુએ તો તેને આગળના પાને શિર્ષક છે. ત્યાર પછી તે યોગેશ્વર ભગવાનનો ફોટો છે અને પછી પ્રશ્ન પૂછયો છે શું ભાવનિર્ઝર મંદીરનું મૃત્યું ? પત્રિકાની અંદરની માહિતી એ બીજું કશું નથી પણ માત્ર સમાચાર પત્રોના કટીંગની પુનઃ રજુઆત તેમજ અમુક પત્રો, કવિતાઓ અને સીવીલ જજ (એસ.ડી.) અમદાવાદ (રૂરલ) સામે કરેલ દાવા નં. ૫૬૭/૨૦૦૨ ની કાર્યવાહી માત્ર છે અને છેલ્લા પાને ભાવનિર્ઝરમાં ચાલી રહેલ પ્રવૃત્તિઓ અંગે સ્વાધ્યાય પરિવારના અનુયાયીઓને પ્રશ્ન પુછી જવાબ માંગેલ છે.

હવે મુખ્ય પ્રશ્ન અદાલત સમક્ષ એ છે કે શું આ પત્રિકા છપાવી બહાર ફેરવવાથી એમાં જણાવેલ વ્યક્તિઓની બદનક્ષી થઈ કહેવાય તો ફરીયાદીઓએ જે આક્ષેપો ફરીયાદમાં કર્યા છે તેવો ખરેખર ગુન્હો થયો કહેવાય.

આ અદાલતને કલમ ૪૮૨ હેઠળ જયારે આવી ફરીયાદોમાં પુરાવા લેવાના બાકી હોય અને ફરીયાદો પેન્ડીંગ હોય ત્યારે ખૂબ ઉંડાણમાં જઈ અભ્યાસ કે પૃથ્થકરણ કરવા જરૂરી નથી, પરંતુ આ અદાલતની ફરજ અને તેનું કામ છે કે પીટીશ્નર્સ સામેના બધાજ થયેલા આક્ષેપો ખરેખર ગુન્હો કહી શકાય, શું ફરીયાદો શુદ્ધ હેતુથી સાત્વીક ભાવે થયેલ છે, કે પછી આવી ફરીયાદો કોઈ બદઈરાદા યુક્તિથી થયેલ છે તે પણ જોવું જોઈએ. અદાલતે આવી ફરીયાદોને એક વિશિષ્ટ દ્રષ્ટિથી પણ તપાસવી જોઈએ કે શું ફરીયાદીઓએ પીટીશ્નરોને હેરાન કરવાના ઈરાદાને પાર પાડવા ફોજદારી અદાલતોને હાથો બનાવ્યો નથીને.

(૫૬) ઉપરના તમામ માપદંડોને ધ્યાનમાં રાખીને, આ અદાલત સૌ પ્રથમ એ બાબત હાથમાં લે છે કે આવી ફરીયાદો માત્ર પ્રાથમીક મુદ્દાને ધ્યાનમાં લઈ ચાલવા પાત્ર કે 'કવોશ' યોગ્ય છે ?

આઈ.પી.સી. ની કલમ ૨૯૫-એ હેઠળ કરેલ ગુન્હા માટે દાખલ કરેલ ફરીયાદો 'બેડ ઈન લો' જણાય છે. કારણ કે તે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૬ વિરૂદ્ધ છે. કલમ ૧૯૬(૧) કહે છે કે કોઈ અદાલત સેન્ટ્રલ કે સ્ટેટ સરકારની પૂર્વ મંજૂરી સિવાય ચેપ્ટર ૬ અથવા કલમ ૧૫૩-એ (કલમ ૨૯૫-એ અથવા કલમ ૫૦૫(૧) આઈ.પી.સી. હેઠળ થયેલ કોઈ ગુન્હો, ગુન્હો ઠરાવી શકે નહીં એટલે કે "કોગ્નીઝન્સ" લઈ શકે નહીં. આ કેસમાં ફરીયાદો દાખલ કરતાં પહેલા સેન્ટ્રલ અથવા રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવેલ નથી તે નિર્વિવાદ છે. પાછળથી અરજી કરેલ છે, તેવી રજુઆત ફરીયાદને 'યોગ્ય' ઠરાવતી નથી.

(૫૭) **પીટીશ્નર્સ દ્વારા સદર ફરીયાદ ચાલવાપાત્ર નથી** તે માટે **બીજો મુદ્દો પણ** ઉપસ્થિત કરવામાં આવેલ. પીટીશ્નર્સ સામે બદનક્ષીનો પણ આરોપ છે, પરંતુ **જે વ્યક્તિઓની** બદનક્ષી થઈ છે તેવો અદાલત સમક્ષ આગળ આવ્યા નથી. ક્રિમીનલ પ્રોસીજર કલમ ૧૯૯ મુજબ કોઈ વ્યક્તિ આઈ.પી.સી. ના ચેપ્ટર ૨૧ હેઠળ ગુન્હાનું 'કોગ્નીઝન્સ' લઈ શકે નહીં, સિવાય કે જે વ્યક્તિને ખરેખર ગુન્હાથી ઠેસ પહોંચી હોય તે જ ફરીયાદ કરે. **અદાલત સમક્ષ એ પ્રશ્ન છે કે ખરેખર જે વ્યક્તિઓને ઠેસ પહોંચી છે, તે જ વ્યક્તિઓએ ખરેખર ફરીયાદ કરેલ છે? ચોક્કસ પણે,** 'અશુભ' **પત્રિકા માત્ર સ્વાધ્યાય પરિવાર, જયશ્રીદીદી તેમજ તેમના પતિ દ્વારા મિલકતોના વહીવટ તેમજ સંચાલનને** લગતી બાબતો અંગે છે, તેવોમાંથી કોઈ પણ વ્યક્તિ અદાલત સમક્ષ આવી ફરીયાદ કરેલ નથી. અદાલત એ વાતથી સંમ્મત નથી કે સ્વાધ્યાય પરિવારના અનુયાયીઓ સ્વાધ્યાય પરિવાર કે તેના 'આદર્શ' વતી સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ ફરીયાદ કરી શકે કારણ કે સ્વાધ્યાય પરિવારનું એક આગવું અસ્તિત્વ છે. આ બાબત તેમજ, નિશ્ચિત કાયદાકીય સ્થિતિ, તેમજ જુદા જુદા અદાલતના ચૂકાદાઓ કે જે આ અંગેના આગળ ઉલ્લેખાયેલ છે, તે જોતાં આ અદાલતનો એવો મત છે કે **આ ફરીયાદીઓ ખરેખર તેવી વ્યક્તિઓ નથી કે જેવોની લાગણી દુભાઈ હોય.**

**આ પત્રિકામાં ફરીયાદીઓ વિરૂદ્ધનું કશું જ નથી. સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ કોઈ આક્ષેપ કરવામાં આવેલ નથી.** તેમાં માત્ર જે વ્યક્તિઓ સ્વાધ્યાય પરિવારની કાર્યરીતીમાં સંકળાયેલ છે, તેમની સામે માત્ર ચોખ્ખી અને શુદ્ધ હેતુ યુક્ત ટીકાઓ તેમજ દિવાની દાવા દરમ્યાનની કાર્યવાહીની પુનઃરજુઆત સિવાય કશું જ નથી. કદાચ આનાથી કોઈ ફરીયાદ કે 'ગ્રીવેન્સ' હોય તો તે જે વ્યક્તિઓ સામે આક્ષેપો થયા છે તેને **હોઈ શકે.** આથી અદાલત એવા મંતવ્ય પર આવેલ છે કે આઈ.પી.સી. ના ચેપ્ટર ૨૧ હેઠળ સજા પાત્ર જે **કલમો ૪૯૯, ૫૦૦ વિ. ટાંકી ફરીયાદો કરવામાં આવી છે તે ફરીયાદો ચાલવા પાત્ર નથી** અને વિદ્વાન ન્યાયમૂર્તિઓએ આ કલમોના 'ગુન્હા' ને ગુન્હા તરીકે ગણવામાં ભુલ કરેલ છે અથવા તેવા તેમના નિર્ણયમાં ખરા નથી.

(૫૮) જયાં સુધી કલમ ૨૯૫, ૨૯૫-એ, ૨૯૬, ૨૯૮ હેઠળના ગુન્હાનો સવાલ છે ત્યાં સુધી એ જોવું જરૂરી છે કે આ ગુન્હાઓ **ધર્મને** લગતા છે? અહીં પ્રશ્ન એ છે કે શું સ્વાધ્યાય પરિવાર એ ધર્મ છે? તે સાચું છે કે પહેલા આવો પ્રશ્ન આ અદાલત સમક્ષ આવેલ અને અદાલતે આ સ્વાધ્યાય પરિવાર ધર્મ છે તેમ મત આપેલ, પરંતુ ચાલુ કેસની કાર્યવાહીની હકીકતો જોતાં તે સ્પષ્ટ બને છે કે ટ્રસ્ટીઓએ પોતેજ દિવાની **અદાલત સમક્ષ** એવું 'સ્ટેન્ડ' લીધેલ છે, રજુઆત કરેલ છે કે જે ભાગ્યેજ સ્વાધ્યાય પરિવારને ધર્મ ઠેરવી શકે. **"ભાવનિર્ઝર એ ભજન/ભજવાની જગ્યા નથી, તે શિક્ષણ**

આપતી શાળા છે'' જ્યારે ફરીયાદીઓ અથવા તો તેમના 'આદર્શો' જ જ્યારે કહે છે કે સ્વાધ્યાય પરિવાર ધર્મ નથી ત્યારે આ અદાલત માટે સ્વાધ્યાય પરિવારને 'ધર્મ' ઠેરવવો મુશ્કેલ છે. બીજી રીતે પણ જોતાં આ અદાલતે આ અગાઉ આપેલ મત અહીં લાગુ પડતો નથી કારણ કે તે વખતે પત્રિકા જુદી હતી. તે 'જાગૃત પત્રિકા' હતી, જ્યારે આ કેસમાં 'અશુભ' પત્રિકાની બાબત છે. આ પહેલા આવી કોઈ રજુઆત આ અંગે કરવામાં આવેલ નથી કે, **ટ્રસ્ટીઓએ પોતે જ કહ્યું છે કે યોગેશ્વરનું મંદીર નથી તે માત્ર મર્યાદિત ભાવનિર્ઝર મંદીરના વિદ્યાર્થીઓનો પ્રાર્થના હોલ છે.** જ્યારે ટ્રસ્ટીઓએ પોતે જ સ્વાધયાય પરિવાર એ ધર્મ નથી તે અંગે પોતાના જવાબમાં વખતો વખત ભારપૂર્વક રજુઆત કરી 'ફેવર' કરેલ છે ત્યારે સ્વાધ્યાય પરિવારને 'ધર્મ' કહી શકાય નહીં, અને જો તે 'ધર્મ' ના હોય તો પીટીશ્નર્સ દ્વારા કલમો ૨૯૫, ૨૯૬, ૨૯૮ વિ. હેઠળ ધર્મને લગતા ગુન્હા કરેલ છે તેવું કહેવાય નહીં.

(૫૯) હવે માત્ર એ જ પ્રશ્ન નક્કી કરવાનો રહે છે કે અદાલતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૨ હેઠળ સત્તા છે તે સત્તાનો ઉપયોગ ફરીયાદીને 'ક્વોશ' કરવા કે સેટ-એસાઈડ કરવા ઉપયોગ કરવો કે નહીં. કલમ ૪૮૨ મુજબ નામદાર હાઈકોર્ટને યોગ્ય અને ન્યાયી સિદ્ધાંતોના સાચા ન્યાય અર્થે અથવા અદાલતની કાર્યવાહીને ઠેસ પહોંચાડતી કોઈ પણ કાર્યવાહીને અટકાવવા, તેની સામે હુકમો કરવાની તેની ગર્ભિત સત્તાને કોઈ મર્યાદા નથી. આ કલમમાં થોડાક માર્ગદર્શક સિદ્ધાંતો જણાવેલ છે જ્યારે કોઈ વ્યક્તિએ કોર્ટનો તથા તેની કાર્યવાહીને 'એબ્યુઝ' કરેલ હોય ત્યારે હાઈકોર્ટને આ અટકાવવાની સત્તા છે. આ અદલાત આ અગાઉ પણ નિર્ણય કરી ચૂકેલ છે કે **ફરીયાદો સ્વચ્છ અને શુદ્ધ હેતુથી થયેલ નથી.** એવું જણાય છે કે ફરીયાદીઓને ગુજરાતના જુદા જુદા રાજ્યોમાં ફરીયાદ કરવા ઉશ્કેરેલ છે અથવા કોઈએ દોરવણી કરેલ છે.

**કોઈ પૂર્વ મંજૂરીઓ ફરીયાદ પહેલા મેળવેલ નથી અને જેમની લાગણી દુભાઈ છે તેવો ફરીયાદ કરવા આગળ આવેલ નથી.** એક અને એક માત્ર 'પત્રિકા' બધી ફરીયાદોની મુખ્ય બાબત/વિષય હોવા છતાં, એક જ જગ્યાએ ફરીયાદ કરવાની જગ્યાએ, આવી ફરીયાદો અલગ અલગ જગ્યાએ દાખલ કરવામાં આવી છે. એક માત્ર ફરીયાદો દાખલ કરવા પાછળનો હેતુ પ્રતિષ્ઠિત સમાજમાં વગ ધરાવતી તેમજ પૂ. દાદાના વિચારો સાથે નજીકથી સંકળાયેલ અને જેવો ખુદ સ્વાધ્યાયીઓ છે તેવોને હેરાન પરેશાન કરવાનો જણાય છે. માત્ર આવી વ્યક્તિઓને સ્વાધ્યાયનું કાર્ય જેઓ સંભાળતા રહ્યા હતા તેમની સામે વાંધો કે વિરોધ હતો તેને કારણે જ તેમની વિરૂદ્ધ આવી ફરીયાદો દાખલ થયેલ છે.

આ અદાલત તેથી એવા નિર્ણય પર આવેલ છે કે આ ફરીયાદો માત્ર ફોજદારી અદાલતોનો ખોટો ઉપયોગ તેમજ 'મીસ ટ્રીટમેન્ટ' માટે જ કરવામાં આવેલ હોઈ આ અટકાવવા માટે આ ફરીયાદોને 'કવોશ' અને સેટ-એસાઈડ કરવી જોઈએ, બીજો માર્ગદર્શક સિદ્ધાંત જે જણાવેલ છે તે સાચા ન્યાય મેળવવાનો છે. એ સાચું છે કે ભાગ્યેજ આ અદાલત ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૨ હેઠળ આ સત્તાનો ઉપયોગ કરશે, પણ જયારે સાચો ન્યાય મેળવવાની વાત હોય ત્યારે આ અદાલત આવી સત્તાનો ઉપયોગ કરતાં શરમ અનુભવશે નહીં કે ખચકાશે નહીં. જો ફરીયાદો કોઈ બદઈરાદાથી દાખલ કરવામાં આવેલ હોય અને આવી જો ફરીયાદો મંજુર રખાય તો જેમની સામે આવી ફરીયાદો થઈ છે તેવોને લાંબી ન્યાયીક પ્રક્રિયાનો સામનો કરવો પડે અને તેમને માનસિક ત્રાસ, અણગમો તથા 'ટોર્ચરીંગ' વેઠવું પડે. જયારે અદાલતને 'પ્રાઈમાફેઈસી' જ આવી ફરીયાદો ચાલવા પાત્ર નથી તેમ જણાય છે અને જયારે કરેલ આક્ષેપો સાબિત થતા નથી અથવા તો સાબિત થાય તેવી સ્હેજપણ શકયતા નથી ત્યારે 'સાચો ન્યાય અપાવવા આ અદાલત ચોક્કસ પણે આવી ફરીયાદોમાં દખલગીરી કરશે કે વધુમાં જયારે તે ફરીયાદોને આ અદાલતમાં પડકારવામાં આવી હોય.

(૯૦) માધવરાવ જીવાજીરાવ સિંધીયા અને બીજા વિ. શંભાજીરાવ ચંદ્રોજીરાવ એંગર અને બીજા રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૧૯૮૮ સુપ્રિમ કોર્ટ ૭૦૯ માં માનનીય સુપ્રિમ કોર્ટે ઠરાવેલી છે કે જયારે કોઈ ફરીયાદ તેના પ્રથમ સ્ટેજ પર 'કવોશ' કરવામાં આવે ત્યારે અદાલતે જોવું જોઈએ કે ફરીયાદીના આક્ષેપો 'પ્રાઈમાફેઈસી' ગુન્હો ઠરાવે છે અને તે આક્ષેપો 'અનકોન્ટ્રાવર્શીયલ' છે.

અદાલતે તે પણ ધ્યાનમાં લેવાનું હોય છે કે કોઈ ખાસ વાતો, વિ. ધ્યાનમાં રાખતા શું ન્યાયના હિતમાં આવી કોઈ ફરીયાદો ચાલુ રાખવી હિતાવહ છે ? શું અદાલતો કોઈ વ્યક્તિના મલિન ઈરાદાઓ પાર પાડવા માટે વપરાતી નથી ને, અને જયારે છેવટે ગુન્હો સાબિત થવાની શકયતાઓજ ન હોય, તો આવી ફોજદારી ફરીયાદોને ચાલુ રાખવાથી કોઈ હેતુ સર થતો નથી, તેવા સંજોગોમાં કોઈ ખાસ હકીકતોને લઈ પ્રાથમિક સ્ટેજ હોય તો પણ ફરીયાદોની કાર્યવાહીને ''કવોશ' કરી શકે છે. અહીંયા આ કેસમાં પણ અદાલતને કોઈ 'ખાસ હકીકતો સ્પેશ્યલ ફીચર્સ' જણાય છે અને તેથી આવી ફરીયાદોને ચાલુ રાખવી ન્યાયી અને યોગ્ય જણાતી નથી. આ અદાલતનો એવો પણ મત છે કે ફરીયાદીઓ દ્વારા પોતાને મલિન ઈરાદો પાર પાડવા તેમજ પીટીશ્નરોએ કરેલ દિવાની દાવાઓ પાછો ખેંચવા મજબુર કરવા તથા સ્વાધ્યાય પરિવારનું કામ જે રીતે ચાલે છે તેની સામે બીજા પ્રશ્નો ઉભા ન કરે તેવા હેતુથી જ આ અદાલતનો ઉપયોગ કરવામાં આવેલ છે (મ્હોરૂ બનાવવામાં આવેલ છે) જે હોય તે, સંજોગો જ

NOTARY
RAJNIKANT S. BHATT
AHMEDABAD CITY
OF GUJARAT STATE
REGD. NO. 1399
GOVT. OF INDIA



એવા છે કે પીટીશ્નરોએ ખાસ કરીને જ્યારે કોઈ ગુન્હામાં સક્રિય ભાગ ભજવેલ નથી, અને માત્ર શુદ્ધ ભાવનાથી કોઈ કાર્યની આલોચના કરી હોય, ત્યારે આવી ફરીયાદોને આગળ ચલાવવાની કંઈ જરૂરીયાત નથી.

(૬૧) સમગ્ર કેસની હકીકતો, સંજોગો જોતાં તેમજ પક્ષકારોની દલીલોને બીરદાંવતાં આ અદાલત એ નિર્ણય પર આવે છે કે, **આ એવો 'ફીટ' (યોગ્ય) કેસ છે કે જયાં આ અદાલત ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૮૨ હેઠળ અપાયેલ ગર્ભીત સત્તાનો ઉપયોગ કરી બધીજ ફરીયાદોને 'કવોશ' કરે અને એ મુજબ બધીજ ફરીયાદોને 'કવોશ' અને 'સેટ-એસાઈડ' કરવામાં આવે છે.**

આ બધી જ પરચુરણ અરજીઓ મંજુર કરવામાં આવે છે, અને કોઈ પણ ખર્ચના હુકમ સિવાય પ્રત્યેક અરજીનો નિયમ કાયમ રાખવામાં આવે છે.

(૬૨) ઉપરોકત ચૂકાદો અને હુકમના આધારે ક્રિમીનલ પ. અરજી નં. ૧૩૪૮/૨૦૦૪ ટકી શકતી નથી અને તેનો પણ નિકાલ કરવામાં આવે છે.

(૬૩) આ ચૂકાદાનો 'અમલી ભાગ' ઓછામાં ઓછો દરેક અરજી સાથે મુકવા માટે પણ, અદાલતની ઓફીસને જણાવવામાં આવે છે.

(૬૪) પીટીશ્નર વતી ઉપસ્થિત રહેલ વિદ્વાન એડવોકેટ શ્રી આર.કે.શાહ જણાવે છે કે ક્રિમીનલ પ.અરજી નં. ૪૫૨૫/૦૩ અને ૬૯૬૭/૦૩ ના પીટીશ્નર નં. ૫, શ્રી સૂર્યકાન્ત નરોત્તમદાસ મહેતા ગુજરી ગયેલ છે અને આ અંગે એક નોંધ ૧/૦૩/૦૬ ના રોજ રજુ થયેલ છે, પરંતુ આ 'નોટ' અદાલત સમક્ષ કોઈ કારણસર મુકાયેલ નથી, પરંતુ આ ચૂકાદાની જાહેરાત વખતે અદાલતના ધ્યાન પર લાવવામાં આવેલ છે, તે વાત રેકર્ડ પર લેવામાં આવે છે. હવે બધીજ ફરીયાદો 'કવોશ' કરવામાં આવેલ છે અને તેમ ન હોય તો પણ સૂર્યકાન્ત પુરષોત્તમદાસ મહેતાનું અવસાન થવાથી, ઉપર જણાવેલ બે ફરીયાદોમાં કે જેમાં તેવો આરોપી હતા, તે તેમના પુરતુ રદબાતલ ઠરે છે.

સહી/-
(કે. એ. પુંજ)
Judge
High Court, A'bad. (Guj.)

સાવરીયા

Certified true and correct translation of a ~~Gujarati/Hindi~~ English document produced before me
R. S. Bhatt
NOTARY PUBLIC Govt. of India.
My Commission Expires on 25/02/2007
20 MAR 2006

Translated into Gujarati from English judgement by

Y. M. Shah Advocate
Preksha Bhoomi, 2nd Floor,
Swastik So.. Opp. Vipul Dudhiya
C. G. Road, Navarangpura, A'bad.
M. : 9825063114, 9426402272